# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૭ તા.૨૯-૯-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરુ મહત્ત્વ છે. ગુજરાતના રાસ-ગરબા તો માત્ર ભારતભરમાં નહીં પણ દેશ-વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉચ્ચ પ્રા.શાળાઓએ પોતાના ગરબાની એન્ટ્રી બીટ સુપરવાઈઝરશ્રીને કરાવવાની રહેશે. બીટ કક્ષાની સ્પર્ધા તા.૧૩-૧૦-૧૫ના રોજ બીટનિરીક્ષકશ્રીના જણાવેલ સ્થળે અને સમયે થશે. બીટ કક્ષાએ પ્રથમ ત્રણ કૃતિ પસંદ કરવાની રહેશે. તે પૈકી પ્રથમ કૃતિ શહેર કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. પ્રથમ કૃતિની નોંધ તે જ દિવસે દક્ષિણ ઝોનનાં સુપરવાઈઝરશ્રી પ્રજ્ઞાબેન પંડયાને  કરવાની રહેશે.

શહેર કક્ષાની ગરબા સ્પર્ધા તા.૧૭-૧૦-૧૫ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે સવારે ૮-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.

**નિયમો :-**

૧ રાસ-ગરબાની સ્પર્ધામાં ધો.૬ થી ૮ના બાળકો ભાગ લઈ શકશે.

૨ રાસ-ગરબાનો સમય વધુમાં વધુ ૮ મિનિટનો રહેશે.

૩ વધુમાં વધુ ૧૬ બાળકો ભાગ લઈ શકશે.

૪ રાસ-ગરબો ગવડાવવા માટે વધુમાં વધુ ૪ બાળકો રાખી શકાશે.

૫ વધુમાં વધુ ચાર વાજીંત્રો રાખી શકાશે.

૬ ગરબાની સીડી વગાડી શકાશે નહિ. શિક્ષક મિત્રો ગરબા ગાઈ શકશે નહિ.

૭ બીટ કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર શાળાએ ગરબાના શબ્દો, વિદ્યાર્થીઓના નામની યાદી, તૈયાર કરનાર શિક્ષકનું નામ અને મોબાઈલ નંબરની કોમ્પ્યુટરાઈઝડ કોપી આપવી.

**ગુણાંકનઃ-**

| રાસ-ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી-એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

આ સ્પર્ધામાં શહેર કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ કૃતિને વિદ્યાર્થીદીઠ ક્રમશઃ રૂા. ૧૫૦/- ,રૂા.૧૨૫/- અને રૂા.૧૦૧/- રોકડ પુરસ્કાર તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવશે.શહેર કક્ષાએ રાસ-ગરબામાં ભાગ લેનાર, રાસ-ગરબો ગાનાર, વાજીંત્ર વગાડનાર બધા બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

તા. ૨૯ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**પરિપત્ર નં. ૭૮ તા.૨૯-૯-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શૈક્ષણિક ઈનોવેશનની અસરકારતા અને સંશોધન બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૫/૧૮૯૧૫-૧૯૧૧૫ તા.૨૮-૯-૧૫

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યમાં જીસીઈઆરટી અને આઈઆઈએમ-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શિક્ષણમાં ઈનોવેશનની પસંદગી અને તે અંગે સંશોધન હાથ ધરેલ છે. આ સંશોધનના ભાગ રૂપે આઈઆઈએમ-અમદાવાદના ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર આપની શાળામાં ઈનોવેશનની અસરકારકતા અને તે અંગે સંશોધન માટે જરૂરી માહિતી માટે આવે તો સહકાર આપવાનો રહેશે. તેઓ દ્વારા આપવામાં આવતી પ્રશ્નાવલી તેઓના સૂચન અનુસાર પૂર્ણ કરવાની રહેશે.

તા.૨૯-૯-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- પરિપત્ર નં.૭૨ તા.૧૦-૯-૧૫ NMMSની પરીક્ષા બાબતના પરિપત્રમાં શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો શાસનાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ ૨૨-૯-૧૫ની જગ્યાએ તા.૧-૧૦-૧૫ સુધી લંબાવવામાં આવી છે. તેથી વધુમા વધુ બાળકો આ પરીક્ષામાં બેસે તે માટે તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને પ્રયાસ કરવો.

**પરિપત્ર નં.૭૯ તા.૨૯-૯-૧૫**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે આ સાથે તા.૧-૧૦-૧૫ થી તા.૩૧-૧૦-૧૫ સુધીનું ‘સ્માર્ટ લર્નિંગ’ સમયપત્રક સામેલ છે. તો તે શિડ્યુલ વિડીયો લેસન માટે જે-તે ધોરણના વિદ્યાર્થીઓને વિડીયો કલાસમાં લઈ જવાનું આયોજન કરવું.

તા.૨૯-૯-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## સ્માર્ટ લર્નિંગ સમયપત્રક-ઓકટોબર-૨૦૧૫

| તારીખ | વાર | ધોરણ-૬ | | ધોરણ-૭ | | ધોરણ-૮ | |
|---|---|---|---|---|---|---|---|
| | | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | ગણિત |
| સવારપાળીનો સમય | સોમ થી શુક્ર | ૭.૫૦ થી ૮.૨૫ | ૮.૨૫ થી ૯.૦૦ | ૯.૦૦ થી ૯.૩૫ | ૯.૩૫ થી ૧૦.૧૦ | ૧૦.૪૫ થી ૧૧.૨૦ | ૧૧.૨૦ થી ૧૧.૫૫ |
| | શનિવાર | | ૮.૩૫ થી ૯.૨૦ | | ૯.૫૫ થી ૧૦.૨૫ | | |
| બપોરપાળીનો સમય | સોમ થી શુક્ર | ૧.૦૫ થી ૧.૪૦ | ૧.૪૦ થી ૨.૧૫ | ૨.૧૫ થી ૨.૫૦ | ૩.૨૦ થી ૩.૫૫ | ૩.૫૫ થી ૪.૩૦ | ૪.૩૦ થી ૫.૦૦ |
| | શનિવાર | | ૧.૪૦ થી ૨.૨૦ | | ૨.૨૦ થી ૨.૫૦ | | |
| ૦૧/૧૦/૨૦૧૫ | ગુરૂવાર | | ૬.૨ | | ૫.૪ | | ૬.૩ |
| ૦૨/૧૦/૨૦૧૫ | શુક્રવાર | ગાંધીજયંતી | | | | | |
| ૦૩/૧૦/૨૦૧૫ | શનિવાર | | ૬.૩ | | ૫.૫ | | |
| ૦૪/૧૦/૨૦૧૫ | રવિવાર | | | | | | |
| ૦૫/૧૦/૨૦૧૫ | સોમવાર | ૯.૨ | | ૮.૩ | | ૮.૩ | યુનિટ ટેસ્ટ(M-૬) |
| ૦૬/૧૦/૨૦૧૫ | મંગળવાર | | યુનિટ ટેસ્ટ(M-૬) | | યુનિટ ટેસ્ટ(M-૫) | | ઉપચારાત્મક કાર્ય |
| ૦૭/૧૦/૨૦૧૫ | બુધવાર | ૯.૩ | ઉપચારાત્મક કાર્ય | ૮.૪ | ઉપચારાત્મક કાર્ય | ૮.૪ | ઉપચારાત્મક કાર્ય |
| ૦૮/૧૦/૨૦૧૫ | ગુરૂવાર | | ૭.૧ | | ૬.૧ | | ૭.૧ |
| ૦૯/૧૦/૨૦૧૫ | શુક્રવાર | ૯.૪ | | ૮.૫ | | ૮.૫ | |
| ૧૦/૧૦/૨૦૧૫ | શનિવાર | યુનિટ ટેસ્ટ(S-૯) | ૭.૨ | યુનિટ ટેસ્ટ(S-૮) | ૬.૨ | યુનિટ ટેસ્ટ(S-૮) | ૭.૨ |
| ૧૧/૧૦/૨૦૧૫ | રવિવાર | | | | | | |
| ૧૨/૧૦/૨૦૧૫ | સોમવાર | ૧૦.૧ | | ૯.૧ | | ૯.૧ | |
| ૧૩/૧૦/૨૦૧૫ | મંગળવાર | | ૭.૩ | | ૬.૩ | | ૭.૩ |
| ૧૪/૧૦/૨૦૧૫ | બુધવાર | ૧૦.૨ | | ૯.૨ | | ૯.૨ | |
| ૧૫/૧૦/૨૦૧૫ | ગુરૂવાર | | યુનિટ ટેસ્ટ(M-૭) | | ૬.૪ | | યુનિટ ટેસ્ટ(M-૭) |
| ૧૬/૧૦/૨૦૧૫ | શુક્રવાર | ૧૦.૩ | ઉપચારાત્મક કાર્ય | ૯.૩ | | ૯.૩ | ઉપચારાત્મક કાર્ય |
| ૧૭/૧૦/૨૦૧૫ | શનિવાર | | ઉપચારાત્મક કાર્ય | | ૬.૫ | | |
| ૧૮/૧૦/૨૦૧૫ | રવિવાર | | | | | | |
| ૧૯/૧૦/૨૦૧૫ | સોમવાર | યુનિટ ટેસ્ટ(S-૧૦) | | ૯.૪ | | ૯.૪ | |
| ૨૦/૧૦/૨૦૧૫ | મંગળવાર | ઉપચારાત્મક કાર્ય | | | યુનિટ ટેસ્ટ(M-૬) | | |
| ૨૧/૧૦/૨૦૧૫ | બુધવાર | દુર્ગાષ્ટમી | | | | | |
| ૨૨/૧૦/૨૦૧૫ | ગુરૂવાર | દશેરા | | | | | |
| ૨૩/૧૦/૨૦૧૫ | શુક્રવાર | ઉપચારાત્મક કાર્ય | | ૯.૫ | ઉપચારાત્મક કાર્ય | યુનિટ ટેસ્ટ(S-૯) | |
| ૨૪/૧૦/૨૦૧૫ | શનિવાર | મહોરમ | | | | | |
| ૨૫/૧૦/૨૦૧૫ | રવિવાર | | | | | | |
| ૨૬/૧૦/૨૦૧૫ | સોમવાર | | | યુનિટ ટેસ્ટ(S-૯) | ઉપચારાત્મક કાર્ય | ઉપચારાત્મક કાર્ય | |
| ૨૭/૧૦/૨૦૧૫ | મંગળવાર | | | ઉપચારાત્મક કાર્ય | | | |
| ૨૮/૧૦/૨૦૧૫ | બુધવાર | | | | | | |
| ૨૯/૧૦/૨૦૧૫ | ગુરૂવાર | | | | | | |
| ૩૦/૧૦/૨૦૧૫ | શુક્રવાર | | | | | | |
| ૩૧/૧૦/૨૦૧૫ | શનિવાર | સરદાર પટેલ જયંતી | | | | | |